અપીલ અરજી નં.૨૦૦ તા.૧–૮ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી કમલેશભાઈ વલ્લભભાઈ વેકરીયા
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી કમલેશભાઈ વલ્લભભાઈ વેકરીયાની તા.૨૯–૬–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧)ડ્રો વખતે પોલીસ કોણે બોલાવી હતી ? શા માટે બોલાવી ? કોઈની વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરી હતી ? કરી હતી ?તો કોની વિરૂધ્ધ કરી હતી ? શા માટે ? વિ. મુદ્દા નં.(૧) થી (૩) ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧–૮–૧૧ ની **SMC/FAP/** નં.૨૦૦/૨૦૧૧–૧૨

શ્રી કમલેશભાઈ વલ્લભભાઈ વેકરીયાની તા.૨૯–૬–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) ડ્રો વખતે પોલીસ કોણે બોલાવી હતી ? શા માટે બોલાવી ? કોઈની વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરી હતી ?કરી હતી ? તો કોની વિરૂધ્ધ કરી હતી ? શા માટે ? વિ. મુદ્દા નં.(૧) થી (૩) ની માહિતી આપવા બાબતે એડી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન)ના પત્ર નં. ઈઝેડ/આરટીઆઈ/૨૪૭ તા.૧૯–૭–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧–૮ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા બાબત હેઠળની ફાઈલના નોંધ વિભાગની હકીકત નકલો પણ મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૨૩ તા.૯–૮–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં મુળ અરજીથી માંગેલ માહિતી, ફી ભર્યાની વિગત તથા નારાજગીના મુદ્દા જણાવેલ ન હોઈ જે રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૨૪૭ તા.૨૩–૮–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૨૪૭ તા.૧૯–૭–૧૧ ના સમય મર્યાદામાં પાઠવેલ પત્રની નકલ તેમજ નોંધ વિભાગ અત્ર મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૨૬–૮–૧૧ ના પત્રની નકલ, ફી ભર્યાની રસીદની નકલ અને મુળ અરજીની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૯–૬–૧૧ ની અરજીથી વરાછાઝોન ખાતે શાકભાજીના માર્કેટના ફાળવણીના ડ્રો અંગે મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી વરાછાઝોન ખાતે કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં.(૧) ડ્રો વખતે પોલીસ કોણે બોલાવી હતી ? શા માટે બોલાવી ? કોઈની વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરી હતી ?કરી હતી ? તો કોની વિરૂધ્ધ કરી હતી ? શા માટે ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વરાછાઝોન કચેરીના રેકર્ડ ઉપર આ પ્રકારની કોઈ માહિતી ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) જો વ્યવસ્થાના ભાગ રૂપે પોલીસ બોલાવી હોય તો પહેલેથી જ પોલીસ હાજર હોય? અને વ્યવસ્થા માટેનો આપણી એસએમસીની સીકયુરીટીની હતી. જે અંગે અરજદારે અનુમાનિત વિધાન કરેલ છે. જયારે પોલીસ બોલાવવા બાબતે અરજદારને મુદ્દા નં.૧ થી માહિતી આપેલ છે. મુદ્દા નં.(૩) આ ડ્રો પારદર્શી હતો કે સ્વચ્છંદી અને મનસ્વી પણે કરવામાં આવેલ હતો? જો પારદર્શી હોય તો કયા ચૂંટાયેલા લોક પ્રતિનિધિ ની સાથે (જુના વોર્ડ નં.૭ અને હાલના વોર્ડ નં.(૩) સંકલન કરીને અથવા સહમતીથી કર્યો હતો? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આ ડ્રો પારદર્શી હતો. પરંતુ ચૂંટાયેલા લોક પ્રતિનિધિ સાથે સંકલન તેમજ સંમતિ બાબતે વરાછાઝોન કચેરીના રેકર્ડ ઉપર કોઈ માહિતી ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે અધૂરી અને ખોટી માહિતી મળેલ છે તેવું જણાવી તા.૧–૮–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે ફાઈલવાળાને ધમકાવવા માટે પોલીસ બોલાવી હોવાની અને મહાનગપાલિકાના ઉપસ્થિત અધિકારીમાંથી કોઈએ પોલીસ બોલાવી હશે કોને પકડવો તેવી સૂચના પોલીસને અપાઈ હશે અને પોલીસ આવી શા માટે અને રમેશભાઈને પકડે શા માટે તેવા અનુમાનિત પ્રશ્નો અપીલ તબકકે ઉપસ્થિત કરેલ છે. અરજદારની મંદ્દા નં.૩ માં ડ્રોના પારદર્શી હોવા અંગેનો છે તેમાં પણ ડ્રો પારદર્શી હતો કોર્પોરેટર સાથે સંકલન હતું તે કચેરીના રેકર્ડ ઉપર નથી તો રેકર્ડ ઉપર શા માટે નથી અને રેકર્ડ ઉપર ન હોય તો જે તે અધિકારીઓ પાસેથી માહિતી મેળવી લેવી જોઈએ તેવા પ્રશ્ન અપીલ તબકકે ઉપસ્થિત કરેલ છે. જે બાબતે આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. જે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ છે. અરજદારની અપીલમાં સ્વચ્છંદી અને મનસ્વીપણે ડ્રો કરવામાં આવ્યો છે તેવી તકરાર નિવારણને લગતો પ્રશ્ન છે. જે અંગે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવાની રહે.

અરજદારની પૂરક પત્રની રજૂઆત જુના –નવા કોર્પોરેટરોને પુછી ખાતરી કરવાની રજૂઆત કાયદાની કલમ–૨(એફ) હેઠળ ઉપલબ્ધ દફતરી માહિતી આપવાની જોગવાઈ સાથે સુસંગત નથી.

હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૯–૬–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો દિન–૭ માં કચેરી કામકાજ સમય દરમ્યાન આગોતરો સમય મેળવી બાબત હેઠળની ડ્રોની ફાઈલની તપાસણી આરટીઆઈ કાયદાની કલમ–૭ સાથે નિયમ–૩ હેઠળ લાગુ કિસ્સામાં ફી ભરપાઈ કરીને મેળવવા સ્વતંત્ર છે. અરજદારની તેવી માંગણી થયે હુકમની અમલવારી કરી તેની જાણ અત્રે કરવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે. અરજદાર મનસ્વી ડ્રો બાબતે તકરાર નિવારણના પ્રશ્ન બાબતે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન)....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી કમલેશભાઈ વલ્લભભાઈ વેકરીયા